# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૩૭ • તા.૨૩ નવેમ્બર થી ૨૯ નવેમ્બર ૨૦૨૪




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.






# સમસ્ત મહાજનની કેડીઓ દિવ્યાંગ સમિતિએ જ્ઞાતિના દિવ્યાંગજનોની દિવાળી પ્રકાશમય કરી


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# મન મર્કટ છે, એને કાબૂમાં રાખવું મુશ્કેલ છે

મનની અવસ્થા મર્કટ જેવી છે. જે ઘડી બે ઘડી જંપીને બેસતો નથી. ઘડીક અહીં, ઘડીક તંહી, વાંદરાની જેમ ઝાડની ડાળી ડાળી પર કૂદીને પોતાને પ્રવૃત્ત રાખે છે. મનુષ્યનું મન ત્રણ અવસ્થામાં રહે છે સુષુપ્ત, સ્વપ્ન અને જાગૃત. માણસ ઊંઘતો હોય કે જાગતો હોય વિચારોના અશ્વો હણહણાટી સાથે આગળ ધસતા હોય છે. જે મનોજંપ લેવા દેતા નથી. અંતર મનની આ અવસ્થા ઈચ્છા, કામના અને આકાંક્ષાની કામનાથી ધગધગતી હોય છે.

માણસ સૂતો હોય ત્યારે સ્વપ્ના જોતો હોય છે. પરંતુ ખુલ્લા આંખે પણ તે સ્વપ્ન ને જોતો રહે છે. દ્રષ્ટિ કંઈ જોતી હોય ને મન મર્કટ બની અન્યત્ર દોડતુ હોય. આ ચિત અવસ્થા સૂન ભરી કરી દે છે અને ત્યારે સાંભળવા મળે છે કે ચિતભ્રમમાં જીવે છે. સ્વપ્નમાં આવતા રૂપકડા લાગે છે. વિચારોના તરંગ બંધ થઈ જાય ત્યારે સ્વપ્નો પોતાની સૃષ્ટિને આગળ વધારે છે. મન સ્થિર નથી એ ચંચલ અને તરંગી છે. એક વિચારની પર અડગ રહેનાર નથી. ઘડીક અંહીયા અને ઘડીક ત્યાં એવી અવસ્થા ભોગવે છે.

જેમ સારા માણસોની નિષ્ક્રિતાથી દુષ્ટ તત્વોને મોકળું મેદાન મળે છે. ધર્મીઓની સુષુપ્તાથી અધર્મીઓ જાગૃત રહે છે. જે આખરે વિનાશકતાનો માહોલ સર્જે છે. સજાગતા અને સર્તકતાનો સજ્જનો રાખે તો દુર્જનો વિકસી શકતાં નથી. એટલે જ સારા માનવીઓ સમયસર જાગૃત થતા નથી એટલે ખરાબ માનીવઓ પોતાનો ઉપદ્રવ બે રોકટોક મચાવતા રહે છે. જે કાર્ય કરીએ તેનું વધુ મહત્વનું નથી મહત્વ તેનું છે કે આ શા માટે કરી રહ્યાં છીએ?

મનોવૈજ્ઞાનિક કહે છે કે સ્વપ્નએ વ્યક્તિની ઈચ્છાને સંતોષ આપતી માનસિક અવસ્થા છે. સહેલાઈથી મનને આત્મ સંતોષ, માનસિક સુખ મળે એટલે સ્વપ્ન જુએ છે. સપના સેવે છે. માણસનું મન પોતાનું જોવાને બદલે અન્યની જિંદગીમાં ડોકિયા કરે છે. અન્યની ચાલ, ચલગત, આચાર, વિચાર શું કરે છે, કેવી રીતે જીવે છે, એના સ્વજનો, પરિવારજનો મિત્રો સાથે કેવી રીતે રહે છે, વર્તે છે. એની આગળ વધવાની યોજના શું છે એ જાણવાનો સતત પ્રયત્ન તે કરતો રહે છે. મર્કટ જેમ એક ઝાડની ડાળી પર બેસી રહેતો નથી એમ મનનો મર્કટ એક જ વ્યક્તિના જીવનમાં ડોકિયું નથી કરતું, પણ આજુબાજુના સૌ, તેના સંપર્કમાં આવતા સૌના જીવનમાં સતત ડોકિયું કરી તેનું પગેરું રાખે છે. અને એ હિસાબે પોતાનો પ્લાન ઘડે છે. એ સૌથી પોતે આગળ રહે એવા ખ્યાલથી પોતાના કામના સોગઠા ગોઠવે છે.

માત્ર સપના જોતો મન જો એ સપના સિધ્ધ થાય એ માટે જહેમત કરે તો ઘણી બધી સિધ્ધિ હાંસલ કરી સફળતાના શિખર તરફ પોતાના કદમ રાખી શકે છે. અળવિતરું મન માત્રને માત્ર તર્કહીન વાતો ને ઝૂલે ઝૂલયા કરે તો શ્રમને લીધે થાકી જશે પણ રહેશો તો ઠેરનું ઠેર. આગળ વધવા આશા સાથે ઉમંગ. ઉત્સાહ અને સંયમનો સાથ હશે તો જ લક્ષ્ય પામવું સહેલું થશે.

– જય જ્ઞાતિમૈયા

# તહેવારો આપે છે તક

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

થોડા સમય અગાઉ પ્રકાશ પર્વ દિવાળીનો તહેવાર આવીને ગયો. દિવાળીએ આપણા દેશનો મહત્વપૂર્ણ તહેવાર છે. દિવાળીની ઉજવણી પાછળ વિવિધ કથાઓ પ્રચલિત છે. મુખ્યત્વે હિન્દુ તહેવાર તરીકે ઓળખાય છે પણ શીખ, જૈનો અને બૌધ્ધો દ્વારા આ દિવસ પણ ઉત્સાહથી ઉજવણી થાય છે. હિંદુ પંચાગ અનુસાર દિવાળીએ વર્ષનો અંતિમ દિવસ છે અને ત્યારબાદ વિક્રમ સંવત નવા વરસનો પ્રારંભ થાય છે. ૧૪ વર્ષના વનવાસ અને લંકા વિજય પછી અયોધ્યા પાછા પધારેલા પ્રભુશ્રી રામનું આગમન આજના દિવસે થયું હોવાથી લોકોએ દીપમાળા પ્રગટાવી, ફૂલહારના તોરણ-પતાકાથી સજાવટ કરી અયોધ્યાને શણગારી હતી. તે દિવસથી આજ સુધી આ તહેવારની ભવ્યતાથી ઉજવણી થાય છે. ગૌતમ સ્વામીએ આ દિવસે કેવળ જ્ઞાન મેળવ્યું હતું અને આ દિવસે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા હતા. ભગવાન ગૌતમ બુધ્ધ ૧૮ વર્ષ પછી કપિલાવસ્તુમાં પાછા આવ્યા ત્યારે બૌધ્ધોએ દીવાઓ પ્રગટાવી રોશની કરી હરખ પ્રગટ કર્યો હતો. છઠ્ઠા શીખ ગુરૂ હરગોવિંદજીને બાદશાહ જહાંગીરે અન્ય ૫૬ હિન્દુ રાજાની સાથે ગ્વાલિયરના કિલ્લામાં બંદી બનાવ્યા હતા. તે સૌને દિવાળીના દિવસે મુક્ત કરાયા હતા. મુક્તિ પામ્યા બાદ પવિત્ર શહેર અમૃતસરમાં દરબાર સાહિબ સુવર્ણ મંદિર પધાર્યા જે વખતે ત્યાં લોકોએ મીણબત્તીઓ, દીવડાઓ અને મશાલ પ્રગટાવી ગુરૂને હરખભેર આવકાર આપી દિવસને યાદગાર અને ઐતિહાસિક બનાવ્યો હતો. જે કારણસર શીખો માટે આજનો દિવસ બંદી છોડ દિવસ છે.

દિવાળી અગાઉ ઘરની સાફ સફાઈ, રંગ રોગાન, દીવા રોશનીથી સજાવટ રંગોળી આકૃતિ, લાઈટ સીરીઝ બલ્બથી શણગાર અને ભાતભાતની મીઠાઈ, ફરસાણ પકાવન એ રૂટિન છે. પણ આપણા નબળા ઘર પરિવારના સંતાનોના જીવનમાં પ્રકાશનો અજવાસ પ્રસરે એવો પ્રયાસ આ તહેવારમાં કરવું જોઈએ. દિવાળી સૌના જીવનમાં રોશની લાવે, સુખ-શાંતિ આપે એવા પ્રયાસ આપણા તરફથી થવા જોઈએ. ફટાકડા ફોડવા એ પર્યાવરણ પ્રત્યેની હાનિ છે. તો પણ નિર્દોષ ફટાકડા શકન રૂપે લેતી વખતે કોઈ ગરીબ બાળક આપણી પાસેના ફટાકડા જોઈ માંગણી કરે તો તેને પણ ફૂલઝડી જેવા નાના-નિર્દોષ ફટાકડા લઈ આપી તેના ચહેરા પર મુસ્કાન આવે એવો પ્રયાસ જરૂર કરશો. ગરીબ બાળકની ખુશી એ જ દિવાળીની સાચી ઉજવણી છે. કારણ કે દિવાળી તો ગરીબ-અમીર સૌની છે.

જીવન જીવવાની લાયમાં તહેવારો આપણા જીવનમાં ઉલ્લાસ ભરે છે. તહેવારનો અવસર પરિવાર, સ્નેહીજનો સાથે ઉજવાનો, માણવાનો પ્રસંગ છે. રૂઠી ગયેલ ને મનાવી લઈએ એવો પ્રયાસ કરજો. મનદુઃખ થયું હોય તો વિશાળ મન ધરાવી ભૂલોને વિશારે પાડી દેવી જોઈએ. માફ કરો અને ભૂલી જાઓની ભાવના વિકસાવવાનો અને અંતરપટના અંધકારને દૂર કરવાનો પ્રયાસ તહેવાર ઉજવણી કરતાં પહેલાં કરવો જોઈએ. બહારના અંધકારને દૂર કરવા ભલે દીપ માલા પ્રગટાવીએ પણ અંતર મનમાં વ્યાપેલા તમસને તિલાંજલિ આપવી જરૂરી છે. જૂની વાતો, જૂના વાદ-વિવાદની વેદના ભોગવવાનો કકળાટ હટાવી પાછળ જોયા વગર આગળ વધીએ. સુખી થવા ગાંઠો છોડી સંબંધોને તાજા અને સજીવન કરવાની તક તહેવારો આપે છે તે ઝડપી લેવી જોઈએ.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# સમસ્ત મહાજનની કેડીઓ દિવ્યાંગ સમિતિએ જ્ઞાતિના દિવ્યાંગજનોની દિવાળી પ્રકાશમય કરી





દિવાળીના શુભ અવસરે, શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિએ ફરી એક વાર જ્ઞાતિના દિવ્યાંગોની દીપાવલી વધુ ઝળહળતી કરી. મુંબઈ તથા દહીંસર-ડોંબીવલી-વિઠ્ઠલવાડી જેવા આસપાસના ઉપનગર, ગુજરાતના અમદાવાદ, રાજકોટ, જામનગર, વડોદરા અને ભરૂચ, મહારાષ્ટ્રના જાલના, સાંગલી અને મલ્કાપૂર, દક્ષિણના કોચિન, હૈદરાબાદ અને તેલંગાણા તથા કચ્છમાં ૧૭ સહિત દેશના વિવિધ પ્રાંતોમાં રહેતા ૫૦ દિવ્યાંગજનોને દિવાળીના અવસરે સૂકા મેવાના હેમ્પર ભેટ તરીકે મોકલવામાં આવ્યા હતા. આ પ્રકલ્પ માટે, લાગલગાટ બીજા વર્ષે, સ્વ. શ્રી કાંતિલાલ કરમશી વિકમશીના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની શ્રીમતી કાશ્મીરાબેન કાંતિલાલ વિકમશીએ આર્થિક યોગદાન આપ્યું હતું. આ વર્ષે તેમણે રૂા.૪૧,૭૦૦/- દાન કર્યા હતા. દેશના ચારેય ખૂણામાં વસતા દિવ્યાંગનોને ઉત્કૃષ્ટ ક્વોલિટીના સૂકા મેવાના પેકેટ પહોંચાડવાના આ કાર્યમાં, Nutkingના જિનલ ધુલ્લા સોમૈયા અને કેવિલ સોમૈયાનો ઉત્સાહ ભર્યો સહયોગ સાંપડ્યો હતો. આ માટે દિવ્યાંગ સમિતિ તેમનો ખૂબ આભાર માને છે. આદીપૂરથી પ્રિયંક નાગડા અને મહેશ નાગડા નલિયાથી કચ્છ ખાતેના વિતરણ માટે મદદરૂપ રહ્યા. તેમનો પણ ખૂબ આભાર. એક-એક દિવ્યાંગને દીવાળીનો ઉપહાર પહોંચાડવામાં સમિતિના સભ્યોએ દરેક પગલે સુંદર સંયોજન કર્યું હતું. શ્રી કે.ડી.ઓ. જૈન સમાજના દિવ્યાંગોની દિવાળી વધુ ઉજજવળ બને તે હેતુથી તેમને ડ્રાય ફ્રૂટના પેકેટ્સ મોકલવાના પૂણ્ય કાર્યમાં નિમિત્ત બનનાર દાતાની ખૂબ-ખૂબ અનુમોદના. આ ભેટ મેળવનારના દાતા પ્રત્યેના પ્રતિભાવ પણ જાણી લઈએ.

**પ્રતિશ્રી**

**કાશ્મીરાબેન કાંતિલાલ કરમશી વિકમશી**

નવા વર્ષની આપને શુભ કામના

દિવ્યાંગો પ્રત્યેની લાગણી સહાનુભુતિ બદલ હું મુકેશ જેઠાલાલ ગોસર આપને બે હાથ જોડી નમન કરૂ છું. ગયા વર્ષની માફક આ વર્ષ પણ આપની ઉદાર ભાવનાથી આપે સહુ દિવ્યાંગોને અમુલ્ય સાર્ધમિક ભક્તિ સૂકા મેવાના બેગ અર્પણ કરેલ છે. પ્રભુ આપને સુખ સમુધ્ધિથી ભરપૂર રાખે આવા સત્કાર્ય કરવાની પ્રેરણા હમેશાં આપના હૃદયમાં ઝળહળતી રહે એવી મારી પ્રાર્થના. ફરી આપને નમન કરૂં છું.

– મુકેશ જેઠાલાલ ગોસર

# જખૌ દેવલાલીના ચંદ્રકાંત શામજી આણંદજી નાગડાની ૭૫મી વર્ષગાંઠની હર્ષોલ્લાસ અને ભવ્ય ઉત્સાહ સાથે ઉજવણી કરાઈ





શા.શામજી આણંદજી નાગડા (જખૌ) ના સુપુત્ર શ્રી ચંદ્રકાંત શામજી નાગડાની ૭૫મી વર્ષગાંઠ દેવલાલી નગરે નાગડા (ચાચાવાળા) પરિવાર-પોલડીયા પરિવાર તથા મુકેશ જાદવજી ધરમશી પરિવારે સગા-સંબંધીઓ, મિત્ર પરિવાર અને સકળ સંઘની હાજરીમાં ધામધૂમથી ઉજવી. શનિવાર, તા.૧૬ નવેમ્બર અને તા.૧૭ નવેમ્બર ૨૦૨૪ બન્ને દિવસ ભરચક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

શનિવાર તા.૧૬ નવેમ્બરના સાંજના ૬.00 વાગ્યાથી રાતના ૧૦.00 વાગ્યા સુધી 'શ્રી અનંત આરોગ્યનિધિ'ના આંગણમાં 'ઈન્કા ગોશર' અને સાથી કલાકારોએ જૂના અને નવા ગીતોની મહેફીલ સાદર કરી. સળંગ પુરા ચાર કલાક સુધી આવેલ મહેમાનોને મંત્રમુગ્ધ કરી દીધા. નવા-જૂના ગીતોની રમઝટ સાથે 'મટુકડી' 'રાસ ગરબા'નો મસ્ત માહોલ પણ જમાવ્યો. જેમાં ઉપસ્થિત સર્વે રસિકોએ ઉમળકા સાથે ભાગ લીધેલ. દેવલાલી સિવાય બહારગામથી આમંત્રિત મહેમાનોએ પોતાની હાજરી આપી. આ પ્રસંગને 'ચાર ચાંદ' લગાડ્યા. મનોરંજન કાર્યક્રમ સાથે મનભાવન સ્વાદિષ્ટ જૈન ભોજન પણ પીરસવામાં આવ્યું. ચૌવિહારની પણ સંપૂર્ણ વ્યવસ્થા જાળવવામાં આવી હતી.

રવિવાર, તા.૧૭ નવેમ્બરની શુભ શરૂઆત પ્રશમરસનિધી, આગમ દિવાકર પ.પૂ.આચાર્ય ભગવંત મહોદયસાગરસુરીશ્વરજી મહારાજ સાહેબના પાવન પગલા શ્રી ચંદ્રકાન્તભાઈના નિવાસ સ્થાને થઈ. સવારના ૫.૩૦ વાગે આચાર્ય ભગવંતના પ્રથમ વિહારની શરૂઆતમાં આ અનેરો લાભ નાગડા પરિવારને મળ્યો. આમંત્રણને માન આપીને સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં હાજરી આપી અને પ.પૂ.આચાર્ય ભગવંતશ્રીના મુખેથી 'માંગલિક' સાંભળીને દિવસની શુભ શરૂઆત કરી. ઉપસ્થિત સંઘના દરેક સભ્યનું 'સંઘ-પૂજન' કરવામાં આવેલ.





# જખૌ દેવલાલીના ચંદ્રકાંત શામજી આણંદજી નાગડાની ૭૫મી વર્ષગાંઠની હર્ષોલ્લાસ અને ભવ્ય ઉત્સાહ સાથે ઉજવણી કરાઈ



ત્યારબાદ શ્રી અનંત આરોગ્ય નિધિના સંકુલમાં સાધ્વી ગુરૂ ભગવંતોની હાજરીમાં જાણીતા વિધિકાર ગચ્છ ગૌરવ શ્રી કેશવજીભાઈ ધારસી ગડા અને તેઓના સાથીઓના સથવારે 'સિધ્ધ ચક્ર' મહાપૂજન સંપન્ન થયું. સાહિત્ય દિવાકર, રાજસ્થાન દીપક શ્રી અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસુરીશ્વરજી મહારાજ સાહેબના આવેલ આશિર્વાદના પત્રનું વાંચન વિધિકાર શ્રી કેશવજીભાઈ ગડાએ પૂજન દરમ્યાન ૨૪-૨૪ વર્ષના વર્ષીતપના આરાધક પ.પૂ. આચાર્ય શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબે આ પ્રસંગે વાસક્ષેપ દ્વારા પોતાના આર્શીવાદ મોકલાવ્યા હતા.



સમસ્ત દેવલાલીના વિવિધ સંઘોના પદાધિકારીઓ અને સભ્યો હાજરી આપી શ્રી 'સિધ્ધચક્ર' મહાપૂજનનો લાભ લીધેલ.

બન્ને દિવસના કાર્યક્રમમાં કુટુંબ-પરિવાર-મિત્રવર્ગ-દરેક સંસ્થાના પદાધિકારીઓ અને બહારગામથી મહેમાનો પધાર્યા હતા.

શ્રી અનંત આરોગ્યનિધિ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રીમતી દમયંતીબેન લોડાયા અને શ્રી રાજીવભાઈ લુઠીયા-નાસિક ક.દ.ઓ. જૈન સેવાભાવી સંઘના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મોમાયા અને પદાધિકારીઓ શ્રી કેતનભાઈ અને શ્રી પીયૂષભાઈ, દેવલાલી શ્રી અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટીઓ શ્રી જેઠાલાલભાઈ નાગડા, શ્રી ભરતભાઈ ગોશર-શ્રી ક.દ.ઓ.જૈન મહાજન મુંબઈના ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ લોડાયા, શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીના વર્તમાન પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ મોતા, ભૂતપૂર્વ પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ શિયાલ, શ્રી નીતિનભાઈ સાયલા, શ્રી રાયચંદભાઈ જીવાણી, શ્રી વિજયભાઈ સોની તથા મંડળના સભ્ય શ્રી સનતભાઈ ખોના અને શ્રી પરેશભાઈ ખોનાએ હાજરી આપી હતી.





# જખૌ દેવલાલીના ચંદ્રકાંત શામજી આણંદજી નાગડાની ૭૫મી વર્ષગાંઠની હર્ષોલ્લાસ અને ભવ્ય ઉત્સાહ સાથે ઉજવણી કરાઈ









શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલીના ભૂતપૂર્વ પ્રમુખ તથા ટ્રસ્ટી શ્રી ઠાકરસીભાઈ કેશવજી ગડાએ ખાસ હાજરી આપી હતી અને 'સિધ્ધચક્ર' મહાપૂજન પ્રસંગે 'ચામર-નૃત્ય' સાદર કરેલ.

શ્રી સિધ્ધચક્ર મહાપૂજન બાદ પ્રભાવના રૂપે સુંદર ભેટ પધારેલ દરેક કુટુંબને આપવામાં આવેલ.

બન્ને દિવસના કાર્યક્રમ 'શ્રી અનંત આરોગ્ય નિધિ'ના સંકુલમાં રાખવામાં આવેલ હતા. આશરે ૩૦૦ આમંત્રિતોની હાજરીમાં બન્ને દિવસના કાર્યક્રમ આનંદ-હર્ષથી માણ્યા.

કાર્યક્રમનું આયોજન અને તેને સફળ બનાવવામાં શ્રી મુકેશભાઈ જાદવજી ધરમશીએ જહેમત ઉઠાવી હતી. દરેક સમયે ખડે પગે હાજરી આપીને આયોજનને એક 'ઉત્સવ' તરીકે રૂપ આપેલ. શ્રી ચંદ્રકાંતભાઈના સુપુત્રો ચિ. અમિત અને પરેશ, પુત્રવધુઓ સૌ.જાગૃતિ અમિત નાગડા અને સૌ. સ્મિતા પરેશ નાગડા તેમજ શ્રી અર્જુન મુકેશભાઈ ધરમશીએ સાંસ્કૃતિક કાર્યક્રમનું સુંદર રીતે આયોજન કરેલ.

શ્રી મુકેશભાઈ ધરમશીના નેજા હેઠળ શ્રી દેવલાલી-નાસિક રોડ ક.દ.ઓ.સેવાભાવી સંઘના વ્ય.સમિતીના સર્વે સભ્યોએ આમંત્રિત મહેમાનોની વ્યવસ્થા જાળવવામાં અને કાર્યક્રમને સફળ બનાવવામાં સિંહફાળો આપેલ હતો.





# પ.પૂ.શ્રી ભલારાદાદા દેવાલય સુથરીનો પાટોત્સવ, ધ્વજા મહોત્સવ ઉજવાયો









સુથરી નગરે પ.પૂ.શ્રી ભલારા દાદાના દેવાલય નાકા બહાર સ્થિત છે. જેનો પાટોત્સવ ધ્વજા મહોત્સવ તેમજ ધ્વજ દંડ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ ભવ્ય ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો. વહેલી સવારે ધ્વજ દંડ તેમજ ધજા ચડાવવાનો કાર્યક્રમ ભુવાશ્રી કિશોરભાઈ જીવરાજ સાંયાના નિશ્રામાં રાજેશભાઈ જોષીના આચાર્ય પદે એમની ટીમ સાથે વિધિ વિધાન પૂર્વક રીતે કરેલ. વિધિ વિધાનમાં સજોડે જયેશભાઈ લાલકા અને પીયૂષભાઈ લાલકાએ લાભ લીધેલ. નાળિયેર હોમવાની વિધિ ભૂવાશ્રી કિશોરભાઈ સાંયાના કરકમલો દ્વારા કરવામાં આવેલ. દંડ ધજા ચડાવવાનો લાભ જયેશભાઈ લાલકા બાંડિયા-ભુજએ લીધેલ. ગણેશજીની ધ્વજાનો લાભ આશાબેન દીપકભાઈ ડાઘા વરાડીયા, મુલુંડ એ લીધેલ. તેમજ હનુમાનજીની ધજાનો લાભ લીલાવંતીબેન અનિલભાઈ છેડા સુથરીવાળાએ લીધેલ હતો.

પૂ.દાદાની આરતીનો તેમજ પેડી પ્રસાદનો લાભ જયેશભાઈ લાલકાએ લીધો હતો.

સવારના નવકારશીનો લાભ લીલાવંતીબેન અનિલભાઈ છેડાએ લીધેલ બહોળી સંખ્યામાં ભાવિકો વહેલી સવારથી હાજર રહી દંડ પ્રતિષ્ઠા તેમજ ધજા ચડાવવાનો લાભ લીધેલ. ટ્રસ્ટીઓ ચંદુભાઈ, જીનેશભાઈ મિતેશભાઈ, પ્રબોધભાઈ તેમજ અશોકભાઈ પૂજારી વિક્રમ સિંહ વગેરેએ સહકાર આપી કાર્યક્રમને દીપાવવા જહેમત ઉઠાવી હતી.

# સંજીવની કેસ નં.૧૬૨ માટે જરૂરી રૂા.૧.૫૦ જમા કરવા ક્રાઉડ ફંડિગ ખૂલ્લું છે




૮ વર્ષીય કોટડા રોહા–કોઠારાના જશ મેહુલ શાહ–વિકમશીને જન્મથી જ હૃદયની જટિલ ખામી છે. જમણા વેન્ટ્રિક્યુલરના વૈશ્વિક હાયપોકિનેસિયા સાથે ગંભીર કંડ્યુટ સ્ટેનોસિસ છે. જેને માટે ઓપન હાર્ટ સર્જરી કરી પ્રારંભિક ઈલેક્ટિવ રીડો સ્ટર્નોટોમી, આરવી–પીએ કન્ડયુટ, ઈન્ફન્ડિયુલર રિસેકરશન કરવાની તાતી જરૂરત છે. જે માટે ડોક્ટરો દ્વારા રૂા.૧.૫૦ લાખનો અંદાજિત ખર્ચ અપાયો છે.

બાળકના પિતા કચ્છમાં દેવકા ફાર્મ્સમાં કામ કરે છે અને લઘુતમ વેતન મેળવી પરિવારનો ગુજારો ચલાવે છે. કોઈ બચત નથી કે નથી કોઈ મેડિક્લેમનો આધારભૂત પીઠબળ. પિતા નાનો બાળક સુયોગ્યપણે સારવાર લઈ સ્વસ્થ થાય એ ભાવ ધરાવે છે અને સારવાર ખર્ચની રકમ મળી રહે એ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના પ્રત્યે આશા ભરી મીટ સાથે અરજી સાદર કરી છે.

વીકમશી પરિવાર પોતાના લાડકા પુત્રને માટે ફિકરમંદ છે. આ લાગણી સહજ છે. નાનકડા પુત્રની ફિકર રાખી આપણે સૌ એમને ઉદાર દિલે મદદ કરીએ અને માનવતા ઉચ્ચ ધોરણો સ્થાપીએ એ ઉમદા ભાવના. ક્રાઉડ ફંડિગમાં મૂકેલ ટહેલ વહેલી તકે છલકાઈ જાય એવા પ્રયાસો ચાલો સૌ સાથે મળીને કરીએ.

# સંજીવની કેસ નં.૧૬૧ માટે જરૂરી ભંડોળ
# રૂા.૪.૪૦ લાખ ટૂંકા સમય ગાળામાં જમા થઈ ગયું

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 161

## DONATION CLOSED

### Mr. ATUL LALJI PATEL( MOMAYA)

**Age-57 yrs, Rajkot, Sayera**

**He has been diagnosed with Invasive Urothelial Carcinoma (CA Bladder) Underwent multiple surgeries in last 1month-Cystoscopy with Clott Evacuation , Robotic Assisted Radical Cystoprostatectomy, developed intestinal Obstruction with Ascites, underwent Exploratory Laparotomy with Primary repair of Proximal ileal rent .**



**DONATION CLOSED**

**Rs. 4.40 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

સાંયરા હાલ રાજકોટના ૫૭ વર્ષીય અતુલ લાલજી પટેલ મોમાયાને મૂત્રાશયના કેન્સરનું નિદાન થયું છે. આ અગાઉ હર્નીયા અને પ્રોસ્ટેટની સર્જરી કરાવી છે. પેશાબમાં વારંવાર આવતા લોહી અને ગંઠાઈ જવાના લક્ષણો, ક્લોટ ઈવેક્યુએશન સાથે સર્જરી-૧ સિસ્ટોસ્કોપી, સર્જરી-૨ B/L Pland સાથે ileal મરામત સાથે સર્જરી-૩ એક્સપ્લોરેટરી લેપ્રોટોમીની સર્જરી સાથે ઈલાજ કરવો જરૂરી છે. હોસ્પિટલ તરફથી આંશિક જરૂરિયાતનો અંદાજિત ખર્ચ રૂા.૪.૪૦ અપાયો છે.

તેઓ કોટન અને ફાઈબર કંપનીમાં મેનેજર તરીકે કામ કરે છે. પુત્ર બીસીએના અંતિમ વર્ષમાં છે. પત્ની ટિફીન સર્વીસના ઓર્ડર લે છે. અગાઉની બહુવિધ સર્જરીઓ અને હોસ્પિટલમાં દાખલ થવાને લીધે મેડિક્લેમ પુરૂં થઈ ગયું છે.

આવી વિકટ પરિસ્થિતિમાં મૂકાયેલા પટેલ મોમાયા પરિવારે મેડિકલ સમિતિ સમક્ષ અરજી રજૂ કરી છે. જેને ઉદારપૂર્વક ટેકો આપવો આપણી પવિત્ર ફરજ બને છે.

સંજીવની કેસ નં.૧૬૧ ક્રાઉડ ફંડિંગ માટે મૂકાતા રૂા.૭૧ હજાર એક અનામી જ્ઞાતિજન એ પોતાની ઓળખ જાહેર ન કરતાં તથા અન્ય એક સદ્‌ગૃહસ્થે રૂા.૫૦ હજાર અને ગીતાબેન હરીશ લોડાયા સાંયરા-રાયપુર દ્વારા રૂા.૫૦ હજાર તથા રૂા.૫૦ હજાર સાંયરા ચેરિટેબલ ટ્રસ્ટએ નોંધાવી મૂલ્યવાન મદદ કરી માનવતા દીપાવી છે. તેઓને સલામ.

ઉદાર દિલ દાતાઓના હર હમેંશ પ્રમાણે મળેલ સાથ ને લીધે સદર સંજીવની કેસ માટેની જરૂરી રકમ રૂા.૪.૪૦ લાખ ટૂંકા સમય ગાળામાં જમા થઈ ગયેલ. જેથી આ અપીલ ક્રાઉડ ફંડિંગમાંથી પાછી લઈ લેવાઈ.

આજ સુધીના ૧૬૦ સંજીવની કેસની જેમ આ ૧૬૧ મા કેસનો સુખરૂપ નિવેડો લાવી શકાયો છે. જે સંતોષપ્રદ છે.

સંજીવની યોજનાની અપ્રતિમ સફળતા તેનો સધિયારો બનતા દાતાઓ ઉદારદિલ શ્રેષ્ઠીઓને કારણે છે. જેમના વિચારો, સંસ્કારોને લીધે માનવતા દીપી ઊઠી છે. સૌ ઉદારજનો, મહાજનો, ટ્રસ્ટ, એકમો અને મંડળ, સંગઠન સંસ્થાઓને શત શત વંદન.

# સમગ્ર મુનવર ગૌત્ર દ્વારા પ્રબોધ મુનવરને 'મુનવર રત્ન' બિરુદ અર્પણ કરાયું



માનવજ્યોત સંસ્થા ભુજના પ્રમુખ અને માનવસેવા-જીવદયા કાર્ય સાથે જોડાયેલા શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજનાં મુનવર પરિવારનાં શ્રી પ્રબોધ એચ. મુનવરને સમસ્ત મુનવર ગૌત્ર પરિવાર દ્વારા ''મુનવર રત્ન'' બિરુદ અર્પણ કરાયું હતું. ભક્તિબેને સન્માન ગીત રજુ કર્યું હતું.

માતાજીનાં ભુવા મુલચંદભાઇ મુનવર, પ્રદિપભાઇ મુનવર, ચેતનભાઇ મુનવર, મહેન્દ્રભાઇ જીવાણીનાં વરદ્ હસ્તે સન્માનપત્ર અર્પણ કરી ''મુનવર રત્ન'' બિરુદ અર્પણ કરાયું હતું.

જખૌ-કચ્છ મધ્યે યોજાયેલ આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં મુનવર-જીવાણી પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રદિપભાઇ મુનવરે કર્યું હતું.

# પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. પ્રવર્તિની પદથી અલંકૃત થયાં



અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા.ને પ્રવર્તિની પદથી અલંકૃત કર્યા છે. સંભવિત તા.૨૩ નવેમ્બર શનિવારના ભાંડુપ પ્રવર્તિત દિક્ષા મહોત્સવમાં એમને આ પદવી અર્પણ કરવામાં આવશે.

તેરાના આણંદ પરિવારના માતુશ્રી મોંઘીબાઈ ડુંગરશી દંડના સંસારી દીકરી ૮૧ વર્ષની વય અને ૬૫ વર્ષનો દીર્ઘ દિક્ષા પર્યાય ધરાવે છે. ગુરૂનામ પ.પૂ. સાધ્વીશ્રી પુષ્પાશ્રીજી મ.સા. આ હર્ષવર્ધક સમાચાર ક.દ.ઓ.જ્ઞાતિ માટે ગૌરવ ભર્યા છે. પૂજ્ય સાહેબના અનહદ-અનંત આશીર્વાદ આપણા પર અવિરત રહે એ મંગલકામના.


## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા શ્રી શંત્રુજય મહાતીર્થ ભાવયાત્રા યોજાઈ અને મુમુક્ષુનું બહુમાન કરાયું







શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હાલમાં કારતક પૂનમ શુક્રવાર તા.૧૫ નવેમ્બરના શ્રી શંત્રુજ્ય મહાતીર્થ ભાવયાત્રાનું આયોજન કરવામાં આવેલ. ભાતાના લાભાર્થી શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળ, રાયપુર હતા.

રવિવાર, તા.૧૭ નવેમ્બરના શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હોલમાં મુમુક્ષ રાહુલભાઈ પ્રહલાદભાઈ સાંખલાનું બહુમાન શાલ, શ્રીફળથી કરવામાં આવેલ અને અનુમોદના કર સંયમ જીવન માટે શુભમંગલ કામના પ્રેષિત કરવામાં આવેલ.


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા

• સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

સૌજન્ય : શ્રી અમિત શાંતિલાલ મોમાયા (વરાડિયા-અબડાસા-કચ્છ)

# અસાધ્ય બીમારી કેન્સરના રોગીઓ માટે દેવદૂત સમાન અલ્પાબેન ગૌતમ ધરમશી





મારી માતા નિયમિત તપાસ માટે હોસ્પિટલમાં ગઈ હતી. તે લાસ્ટ સ્ટેજ કેન્સર નિદાન સાથે પાછી આવી હતી, અલ્પાબેન ધરમશી પોતાની વેદના શેર કરે છે, કાઉન્સેલર તરીકે જેમણે કેન્સરના દર્દીઓ અને તેમના પરિવારોને ટેકો આપવામાં ૧૯ વર્ષથી વધુ સમય વિતાવ્યો છે.

અલ્પાબેનની માતા રાયધણજર-કોઈમ્બતુરના મીનાક્ષી નરેન્દ્ર લોડાયાએ તેમની પાસે જીવવા માટે માત્ર બે અઠવાડિયા છે તેવું કહેવા પછી જીવવાની અપેક્ષાઓને નકારી કાઢી. તેના બદલે, તે અપાર માનસિક મનોબળ દર્શાવતા એક દાયકાથી બચી ગઈ.

અલ્પાબેન કહે છે, મારી માતા એક યોદ્ધા હતી. ''તેણીએ સાબિત કર્યું કે કેન્સર એ 'મનની રમત' છે, આત્મવિશ્વાસ રાખીને અને તેને તેણીને વ્યાખ્યાયિત કરવા દેવાનો ઇનકાર કરીને.''

મીનાક્ષીબેનએ માત્ર પોતાની લડાઈ લડી ન હતી; તેણીએ તેની શક્તિ અન્ય લોકો સુધી લંબાવી. સારવાર લેતી વખતે, તેણીએ સાથી દર્દીઓને ટેકો આપ્યો, તેમને સાંભળવા માટે કાન અને ભાવનાત્મક આશ્વાસન આપ્યું. પુત્રી તરીકે અલ્પાબેન યાદ કરે છે, ''તે ઘણા લોકો માટે આધાર સ્તંભ બની ગઈ હતી.'' તેની માતાની સ્થિતિ સ્થાપકતાથી પ્રેરિત, અલ્પાબેન એ કેન્સરના દર્દીઓ અને તેમના પ્રિયજનોને તેમની મુસાફરીમાં નેવિગેટ કરવામાં મદદ કરવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું.

મને હંમેશા એ દોષ રહેશે કે હું અંગત કારણોસર મારી માતાની પ્રાથમિક સંભાળ રાખનાર ન હતી. કેન્સરના દર્દીઓને મદદ કરવાના મારા મિશન દ્વારા, ક્યાંકને ક્યાંક હું મારી જાતને સમજાવું છું અને મારી માતાની યાદમાં આ કરી રહી છું, અલ્પાબેન કહે છે, તે લગભગ બે દાયકાથી કાઉન્સેલિંગ ક્ષેત્રમાં છે, ૧૦,૦૦૦ થી વધુ પરિવારોને મદદ કરી રહી છે, એક પણ પૈસો વસૂલતી નથી.

ઉપશામક સંભાળ, શોક, શોક કાઉન્સેલિંગ, આત્મહત્યા નિવારણ અને વૃદ્ધ માનસિક સ્વાસ્થ્ય જેવા ક્ષેત્રોમાં વિશેષતા ધરાવતા, અલ્પાબેન બેંગલુરુમાં ભારતીય કેન્સર સોસાયટીમાં ભાવનાત્મક સહાયક ટીમનું નેતૃત્વ કરે છે. તે શહેરની નવ હોસ્પિટલોમાં ઓન્કોલોજી વોર્ડની નિયમિત મુલાકાત લે છે. અલ્પાબેન એક ખાનગી પ્રેક્ટિસ પણ ચલાવે છે, 'પહેચાન તમારી જાતને ઓળખવામાં મદદ કરવા માટેનું એક મિશન' છે.

૫૪ વર્ષીય મૂળ કોઠારા હાલે બેંગ્લોરના અલ્પાબેન ગૌતમ લક્ષ્મીચંદ ધરમશી વર્ષ ૨૦૦૭ થી કેન્સરના દર્દીઓ અને તેમની સંભાળ રાખનારાઓને ટેકો આપતા 'બંજારા હેલ્પિંગ હેન્ડ' અને 'સન્માન સોસાયટી' જેવી સંસ્થાઓ સાથે સક્રિયપણે સ્વયંસેવી રહ્યા છે. તે કરુણાશ્રય (બેંગ્લોર હોસ્પાઇસ ટ્રસ્ટ)ને પણ સમય સમર્પિત કરે છે. તે સ્વામી વિવેકાનંદ યુથ મૂવમેન્ટ (SVYM) હેઠળ જીવનના અંતના દર્દીઓને ઘર-આધારિત ઉપશામક સંભાળ પરામર્શ પ્રદાન કરે છે.

તેણીના વ્યાપક સ્વયંસેવક કાર્યમાં 'ડિગ્નિટી ફાઉન્ડેશન (વૃદ્ધોને સહાયતા)', 'હેલ્પિંગ હેન્ડ', 'યુથ ફોર સેવા' અને 'ધ આર્ટ ઓફ લિવિંગ' જેવી એનજીઓ માટે કાઉન્સેલિંગનો સમાવેશ થાય છે, જ્યાં તેણે બેંગ્લોર સેન્ટ્રલ જેલમાં કેદીઓ સાથે કામ કર્યું છે.

# અસાધ્ય બીમારી કેન્સરના રોગીઓ માટે દેવદૂત સમાન અલ્પાબેન ગૌતમ ધરમશી





. તેણીએ મુંબઈની ટાટા મેમોરિયલ હોસ્પિટલમાં 'કોપ વિથ કેન્સર મદદ ટ્રસ્ટ' સાથે પણ સહયોગ કર્યો છે.

'તેમની સાથે લોકો તરીકે વાત કરો, દર્દી તરીકે નહીં'

નેશનલ સેન્ટર ફોર ડિસીઝ ઈન્ફોર્મેટિક્સ એન્ડ રિસર્ચ અનુસાર, ભારતમાં નવમાંથી એક વ્યક્તિ તેમના જીવનમાં કોઈક સમયે કેન્સરના નિદાનનો સામનો કરે તેવી શક્યતા છે. તેના શારીરિક નુકસાન ઉપરાંત, કેન્સર માનસિક અને ભાવનાત્મક સુખાકારીને ઊંડી અસર કરે છે, જે મનોવૈજ્ઞાનિક સમર્થનને મહત્વપૂર્ણ બનાવે છે.

અલ્પાબેન ભારપૂર્વક જણાવે છે કે, દરેક કેન્સરના દર્દીને કાઉન્સેલરની જરૂર હોય છે. તેણી નિર્દેશ કરે છે કે પરિવારો ઘણીવાર દર્દીઓ પાસેથી નિદાન અટકાવે છે, ડરથી કે તેઓ જીવવાની ઇચ્છા ગુમાવી શકે છે. જ્યારે તેણી તેમના પરિપ્રેક્ષ્યને સમજે છે, અલ્પાબેન માને છે કે દર્દીઓ તેમની અંગત અને પારિવારિક આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે પ્રમાણિકતાના લાયક છે.

તેણી નોંધે છે કે, સમાજ ઘણીવાર વ્યક્તિઓને તેમની માંદગીમાં ઘટાડો કરે છે, તેમની સિદ્ધિઓ અને ઓળખને ઢાંકી દે છે. ''કેન્સરના દર્દીઓને દયાના લેન્સ દ્વારા જોવામાં આવે છે, જે અતિ ઝેરી છે. મારો અભિગમ સરળ છે – તેમની સાથે લોકો તરીકે વાત કરો, દર્દી તરીકે નહીં. ઘણી વાર, તેઓને ત્યાં કોઈની જરૂર હોય અને સાંભળવામાં આવે,'' તેણી સમજાવે છે.

અલ્પાબેન કહે છે કે મોટાભાગે તે અને તેના સ્વયંસેવકો દર્દીઓને તેમના એનજીઓનો ઉલ્લેખ કરતા નથી કારણ કે નામ ઘણી માહિતી આપે છે. અલ્પાબેન શેર કરે છે, ''જ્યારે દર્દી કેન્સર વિશે વાત કરે છે ત્યારે જ અમે તેમની સ્થિતિ વિશે વાત કરીએ છીએ.''

દર્દીઓ વારંવાર હોસ્પિટલના વોર્ડમાં અન્ય લોકોના સંઘર્ષના સાક્ષી બને છે, તેમના દુ:ખ અને મૃત્યુના ભયને વધારે છે. અલ્પાબેન કહે છે, ''આ તે છે જ્યાં માનસિક સ્વાસ્થ્ય માટે આધાર નિર્ણાયક બની જાય છે.'' હું મારા દર્દીઓને ઘરે ગયા પછી હોસ્પિટલના વિચારો પાછળ છોડી દેવા પ્રોત્સાહિત કરું છું. પુનઃપ્રાપ્તિ માટે મનની શાંતિ જરૂરી છે. દરેક દર્દીની મુસાફરી આપણી આંગળીઓની જેમ અનોખી હોય છે. તેમના અનુભવની તુલના અન્ય લોકો સાથે કરવાથી યુદ્ધ વધુ મુશ્કેલ બને છે.

'અમારા માટે દેવદૂત' જેવા અલ્પાબેન છે એવું તેમના સંપર્કમાં આવનાર કહે છે.

ભારતમાં, સામાજિક ધારણાઓ ઘણીવાર લોકોને ઉપચાર મેળવવાથી અટકાવે છે, ખાસ કરીને કેન્સર જેવી બીમારીઓ માટે. અલ્પાબેન આ માનસિકતાને પડકારે છેઃ લોકો સ્વેચ્છાએ લગ્ન કે છૂટાછેડા માટે કાઉન્સેલિંગ લે છે. કેન્સર માટે કેમ નહીં, જ્યાં માનસિક શક્તિ તંદુરસ્ત લડાઈની ચાવી બની શકે છે?''

તેણી શેર કરે છે કે ઘણા દર્દીઓ અને સંભાળ રાખનારાઓ કેન્સરના નિદાનના કલંકના ડરથી, જાહેરમાં તેની સાથે સાંકળવામાં અચકાય છે. ''તે હૃદયદ્રાવક છે કે પરિવારો દર્દીની સુખાકારી કરતાં સામાજિક મંતવ્યો વિશે વધુ ચિંતા કરે છે,'' તેણી કહે છે, ''આરોગ્ય સંભાળ વ્યવસાયિકોએ ટર્મિનલ બિમારીવાળા દર્દીઓ માટે કાઉન્સેલિંગને પણ પ્રોત્સાહિત કરવું જોઈએ.''

સંભાળ રાખનારાઓને મુખ્યત્વે ઉપચારની જરૂર હોય છે કારણ કે તેમની મુસાફરી શારીરિક બીમારી સાથેની મુસાફરી જેટલી જ પડકારજનક હોય છે. દર્દી માટે યોગ્ય કાળજી પૂરી પાડવાનું દબાણ, નાણાકીય સંઘર્ષ વગેરે પણ તેમના પર અસર કરે છે.

અલ્પાબેનના ક્લાયંટ કેતન શાહ શેર કરે છે કે કેવી રીતે તેણીની માતા સ્ટેજ ૩ સ્વાદુપિંડના કેન્સર સામે લડી રહી હતી ત્યારે તે સમગ્ર પરિવાર માટે આધાર સ્તંભ બની હતી.

# શ્રી કેડીઓ જૈન સર્વોદય મંડળ મુલુંડ યુથ વિંગ દ્વારા અનોખી સાહસિક સફર મિસ્ટ્રી માઈલ્સનું આયોજન

તા.૮ ડિસેમ્બર રવિવારના શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડની યુથ વિંગ દ્વારા મંડળની ૬૦ વર્ષની ગૌરવપૂર્ણ સફરની ઉજવણી કરવા માટે ૧૮ થી ૩૫ વર્ષના જ્ઞાતિ યુવાઓ માટે સાહસપૂર્ણ રોમાંચક સફર મિસ્ટ્રી માઈલ્સનું આયોજન કરાયું છે. જેનું સ્ટાર્ટ પોઈન્ટ યોગી હિલ્સ મુલુંડ સ્થળે જમા થવાનો સમય બપોરે ૨ કલાકે એન્ટ્રી ફી રૂા.૫૦૦ પ્રતિ વ્યક્તિ દીઠ.

પ્રત્યેક કારની જરૂરિયાતમાં ડ્રાઈવર, નેવી ગેટર, દિશા નિર્દેશક અને કોર્ડીનેટર સંયોજક એ વ્યક્તિઓ હોવા જરૂરી. રજિસ્ટ્રેશન કરાવું જરૂરી. ગુગલ ફોર્મ લિંક https://docs.google.com/forms/d/1Zm-1eU4XKrLLHkU00fDqtemY1eovMMJtjtdkqkxU-vY/edit ઉપર જઈ સંપૂર્ણ વિગત સાથે ફોર્મ ભરી મોકલવું. વધુ વિગત માહિતી માટે સંપર્ક મહેક મોતા-૯૮૩૩૭૭૯૫૯૧, ઈન્દર લોડાયા-૮૧૬૯૪૯૨૯૭૭

તો યુવા દોસ્તો, તમારા મિત્રોને એકત્રિત કરો. તમારી કાર તૈયાર કરો અને ગૂઢાર્થ અપાયેલ કોયડાને ઉકેલી રોમાંચક સફર માણતા ટીમવર્ક દાખવી પડકારો સાથે રેસ લગાવો અને અવિસ્મરણીય સાહસપૂર્વક સફરને માણો. આ ઈવેન્ટ યાદગાર બનાવો.









# વરાડિયા સંઘમાં ચાતુર્માસ બાદ પરમ પૂજ્ય શ્રી હિતવર્ધનસાગરજી મ.સા.નું ઠાણાઓ ઠાણા સાથે વિહાર











તેર તેર વર્ષ બાદ વરાડીયામાં ૧૨૧ વર્ષ પ્રાચીન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી દાદાની છત્રછાયામાં પૂ.હિતવર્ધનસાગરજી મ.સા.ના યાદગાર ને અવિસ્મરણીય ચાતુર્માસની પુર્ણાહુતી બાદ તા. ૧૭ નવેમ્બરના ઠાણાઓ ઠાણા રૂપે સકળ સંઘ સાથે શ્રી દીપક ગંગાજર ડાઘા ના નુતન નિવાસસ્થાને પધાર્યા હતા. એમના તરફથી ઉપસ્થિત સર્વેને પરીવાર દીઠ કલાત્મક શુભ-લાભ લટકણની પ્રભાવના થયેલ. તથા બીજે દિવસે તા. ૧૮ ડિસેમ્બરના ૭૨ જિનાલય તીર્થ તરફ વિહાર કરેલ ત્યારે વરાડીયાવાસીઓ ભાવવિભોર થઈ સડક સુધી વિહારમાં જોડાયાં હતાં.

ચાતુર્માસ દરમ્યાન સ્થાનિકો ઉપરાંત મુંબઈ/બહારગામથી પધારેલ વરાડીયા વતનીઓ તથા નિયાણી બેનો પરીવારોની હાજરીમાં એમણે સરળ પણ સચોટ જિનવાણીના વ્યાખ્યાન આપ્યા હતા. તથા એમની નિશ્રામાં તથા એમની પ્રેરણાથી ઉપસ્થિત ભાવિકોએ ઉપવાસ, આયંબિલ, એકાસણા, બિયાસણા આદિ ની તપસ્યા કરેલ. દરરોજ રાઇ-દેવસીય પ્રતિક્રમણ તથા બે સામાયિકની આરાધના થતી. ભક્તામર સ્ત્રોત પઠન, ભક્તિ ભાવના વગેરે થતાં.

શ્રી વરાડીયા મહાજન તરફથી ચાતુર્માસ દરમ્યાન બધા સાધર્મિકો માટે સાધર્મિક ભક્તિ તથા અતિથિ ગૃહમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવેલ. ચાર મહિના માટે ટ્રસ્ટીઓ શ્રી દીપક ગંગાજર ડાઘા તથા શ્રી પદમ લાલજી લોડાયા ઉપસ્થિત રહેલ. તથા અન્ય ટ્રસ્ટીઓ અનુકૂળતા એ હાજરી આપેલ.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી


**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી નવેમ્બર- ડીસેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૨૦ થી ૨૪ નવેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. હિરલ શૈલેશ નરશી પીર લોડાયા, બાયઠ-ડીગ્રસની દિક્ષા તથા પ.પૂ. સાધ્વી શ્રી કલ્પપ્રિયા શ્રી જી મ.સા.ની વર્ધમાન તપની ૧૦૦ મી ઓળીના પારણા નિમિત્તે પંચાન્હિકા મહોત્સવઃ આયોજકઃ શ્રી મુંબઈ મહાજન, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-ભાંડુપઃ ભાંડુપમાં |
| તા. ૨૪ નવેમ્બર ૨૦૨૪ | સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબા માતાની ૨૯મી સમુહ પહેડી. સવારના ૯.૧૫ ક. થી : સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૯ થી ૧૧ ડીસેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. જિનલ રવિન્દ્ર નરશી લોડાયા, નલિયા-ચોપડાનું દિક્ષા મહોત્સવ, ચાલીસગામ. |
| તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ | કોટડી મહાદેવપુરીમાં ધ્રોળ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ | શ્રી મુંબઈ મહાજનની ચૂંટણી વિવિધ મતદાન કેન્દ્રો પર. |
| તા. ૧૧ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ | ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ આયોજિત હલો પાન્જે વતન કચ્છ પ્રવાસ |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જયાબેન લોડાયા
તા.૧૯ નવેમ્બર (ઉ.૬૬)
સાંયરા-મુલુંડ



ચંદનબેન દંડ
તા.૨૦ નવેમ્બર (ઉ.૮૬)
સેવક ભરૂડીયા-ઘાટકોપર



શાંતાબાઈ ખોના
તા.૨૧ નવેમ્બર (ઉ.૮૧)
જસાપુર-અંબરનાથ



અતુલભાઈ નાગડા
તા.૨૧ નવેમ્બર (ઉ.૫૬)
નલિયા-બેંગલોર



ચંદનબેન દંડ
તા.૨૨ નવેમ્બર (ઉ.૮૨)
સુથરી-ભાંડુપ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● માટુંગા ખાતે કચ્છમિત્ર, જૈન ફોરમ અને કચ્છ યુવક સંઘના ઉપક્રમે લોકસંવાદ કાર્યક્રમમાં જીવંત પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા અને માંડવી મુંદરાના ધારાસભ્ય અનિરૂધ્ધ દવે દ્વારા કચ્છીઓ દ્વારા રજૂ થયેલ પ્રશ્નોના તાર્કીક ઉત્તર આપ્યા હતા. નલિયા સુધીના ટ્રેન વ્યવહાર બાબતે સાંસદે જણાવ્યું હતું કે આગામી ગણતરીના મહિનામાં ટ્રેન વ્યવહાર શરૂ થઈ જશે. સાથો સાથ નારાયણ સરોવર સુધી રેલવે લાઈનના સર્વેક્ષણ અને મુંદરાથી માંડવી વચ્ચે રેલવે લાઈનના સર્વેક્ષણ માટે મંજૂરી મળી ગઈ છે. એકાંતરે દોડતી ભુજ એસી સુપર ફાસ્ટને રોજિંદી કરવાની રજૂઆત કરાઈ છે. દિલ્હી માટેની ટ્રેન હરિદ્વાર સુધી લંબાવવાની તથા ભુજથી રાજકોટ વચ્ચે ટ્રેન સેવા શરૂ થવાનો આશાવાદ છે જેથી કચ્છ સૌરાષ્ટ્રને રેલવે સેવાથી જોડાવાની જૂની લાગણીનો ઉકેલ આવી જશે.

● અબડાસા તાલુકાના વિવિધ ગામોમાં નવરાત્રિ દરમ્યાન ભાનુશાલી સમાજના પરિવારો મોટી સંખ્યામાં નોરતાં કરવા ગુજરાત મહારાષ્ટ્રથી આવ્યા હતા. અત્રેના ભાનુશાલી સમાજના લોકો મુંબઈ, જામનગર, વાપી, વલસાડ જેવા શહેરોમાં ધંધાર્થે વસવાટ કરે છે. ભાનુશાલી દેશ મહાજન તરફથી દેશાવરમાં વસતા ભાનુશાલી સમાજના લોકોને માદરે વતને આવી નોરતા મનાવે એવી અપીલ કરાઈ હતી. જેના પ્રતિસાદ રૂપે ૧૭ હજારથી વધુ ભાનુશાલી સમાજના લોકો વિવિધ ગામોમાં પહોંચ્યા હતા. નલિયા, જખૌ, હાજાપાર, નુંધાતડ, રામપર, તેરા, મોથાળા, રવા, બિટિયારી, ભાચુંડા, બુટા, આશાપર જેવા અનેક ગામો નવરાત્રિ દરમ્યાન લોકોની ચહલ પહલથી ધમધમયા હતા.

● અબડાસા તાલુકાના અકરી ગામે સીમાડે લાખાપર પાસે વરસો અગાઉ રાહતકામના ખોદાણ દરમ્યાન જમીનમાંથી હનુમાનજીના આકારની કાળા પથ્થરની મૂર્તિ મળતાં મજૂરોએ અત્રેના હનુમાન ભક્તો સાથે મળીને ત્યાં નાની દેરી બનાવી મૂર્તિની સ્થાપના કરી. જેને રોકડિયા હનુમાન તરીકે ઓળખ મળી. અહીં મોટી સંખ્યામાં પક્ષીઓ ચણ, પાણી અને આશરા માટે આવતાં થયા. વિવિધ દાતાઓ આગળ આવતા દરરોજ ૨૦૦ કિગ્રા. ચણ અત્રે અપાય છે. જેમાં ચોખા, બાજરો જુવારના ચણની વારા પ્રમાણે વ્યવસ્થા ગોઠવાઈ છે. કૂતરા માટે રોટલા, બિસ્કિટ પણ અપાય છે.

● કચ્છમાં એકબાજુ પ્રવાસનની તકો મોટા પ્રમાણમાં વિકસી રહી છે ત્યારે પ્રકૃતિ પણ સાથ આપે તેમ હોવાથી સમગ્ર રાજ્યમાં પક્ષી ગણતરી હાથ ધરવામાં આવતા અલગ અલગ પ્રજાતિના પક્ષીઓ માટે કચ્છ સ્વર્ગ હોય તેવું જણાયું છે. આખા રાજ્યમાં કચ્છમાં ૪.૫૬ લાખ પક્ષીઓની સંખ્યા સાથે કચ્છ મોખરે છે. આ વાત બર્ડ ડાયવર્સિટી રિપોર્ટ ૨૦૨૩-૨૪ ને જાહેર કરતાં વન અને પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરાએ જાહેર કર્યું હતું. ૧૮ થી ૨૦ લાખની વિવિધ પક્ષી વસ્તી સાથે ગુજરાત સાચા અર્થમાં પક્ષી જીવન માટે સમગ્ર દેશમાં સ્વર્ગ તરીકે ઊભરી આવ્યું છે.

● કચ્છની કલા કારીગીરી, સંગીત, ગાયકી ક્ષેત્રે, દેશ દેશાવરમાં વર્ષોથી ડંકા વાગે છે અને વખણાય છે. કચ્છના ગાયકો, વાદ્ય કલાકારો કચ્છ ઉપરાંત દેશ પરદેશમાં ગાવા-વગાડવા જાય છે. મોટી વિરાણીના અબ્દુલ લંધાના પરિવારની ત્રીજી પેઢી ઢોલ બનાવવામાં માહિર છે. હાલે તેમના પુત્રો નખત્રાણામાં ઢોલ બનાવીને વેંચે છે. તેમના દ્વારા બનેલા ઢોલ આફ્રિકા, દિલ્હી, મુંબઈ, બેંગ્લોર જાય છે. એક ઢોલ તૈયાર કરતા ૪ થી ૭ દિવસ લાગે છે. હાલમાં ઢોલમાં પ્લાસ્ટીકની હાથથી સજાવવામાં આવેલી પડીનું આકર્ષણ છે. આ કારીગરો પ્લાસ્ટીકની પડી અને દેશી પડી સિક્કાવાળી બનાવવાના માહિર છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE,
SCRUTINIZE
& DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA